# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૨/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

### ચેમ્બરમાં 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'ના અગ્યારમા અને અંતિમ દિવસે

## વિદેશમાં કારકિર્દી ઘડતર અને સુરક્ષા દળોમાં કારકિર્દી ઘડતર વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. મહોત્સવના અગ્યારમા અને અંતિમ દિવસે સુશ્રી સ્નેહાબેન જરીવાલાએ વિદેશમાં ભણતરની સાથે કારકિર્દી ઘડતરની તકો વિશે, જીવનભારતી સ્કૂલ અહેડના શ્રી હેતલબેન ગજ્જર અને શ્રી રાહુલ પટેલે 'વિદેશમાં ચાલતા વિવિધ કોર્સ' વિશે તથા કુમારી મિત્સુ ચાવડાએ સશસ્ત્ર દળો જેવા કે આર્મી, નેવી, એરફોર્સ અને પેરા મિલીટરીમાં કારકિર્દી ઘડતર વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

સુશ્રી સ્નેહાબેન જરીવાલાએ જણાવ્યુ હતુ કે, ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે જાય એટલે તેઓને સારી યુનિવર્સિટી ચોકકસ મળે છે. પણ વિદેશમાં ભણતર મોંઘુ હોવાથી વાલીઓને લોન લઇને તેમના બાળકોને વિદેશ ભણવા માટે મોકલવાનું હોય છે. વિદેશમાં મેડીકલ, કોમર્સ, આર્ટ્સ, એન્જીનિયરીંગ અને લો ફિલ્ડમાં ભણતર માટે જઇ શકાય છે અને ત્યાં કારકિર્દી પણ બનાવી શકાય છે. મેડીકલ માટે યુએસએ, કેનેડા અને જર્મની, કોમ્પ્યુટર એન્જીનિયરીંગ માટે યુએસએ, જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને આયર્લેન્ડ, કોમર્સ માટે કેનેડા, સિંગાપોર, યુએસએ, આર્ટ્સ માટે યુએસએ અને કેનેડા તથા લોના વિદ્યાર્થીઓ માટે યુએસએ અને કેનેડા સારા દેશો હોવાનું તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

જીવનભારતી સ્કૂલ અહેડના સુશ્રી હેતલબેન ગજ્જરે જણાવ્યુ હતુ કે, વિદેશમાં ભણવા માટે જવાનું હોય ત્યારે ઘણી બધી બાબતોનું વાલીઓ અને વિદ્યાર્થીઓએ કાળજી રાખવાની હોય છે. જર્મનીમાં જર્મન ભાષામાં ભણાવવામાં આવે છે. આથી જર્મનીમાં જર્મન ભાષામાં એમબીબીએસ કર્યા બાદ ભારતમાં અંગ્રેજીમાં પ્રેકટીસ કરવાનું મુશ્કેલ થાય છે. તેમણે વાલીઓ અને વિદ્યાર્થીઓને કન્ટ્રી ચેલેન્જીસ વિશે માહિતી આપી હતી.

જીવનભારતી સ્કૂલ અહેડના શ્રી રાહુલ પટેલે વિદ્યાર્થીઓને વિદેશમાં યુનિવર્સિટી સિલેકશન માટે સેફટી, લીટરસી પર્સેન્ટેજ, ડેવલપમેન્ટ ઇન મેડીકલ ફિલ્ડ, પોલીટીકલ સ્ટેબીલિટી અને ભારતીયો પ્રત્યે ત્યાંના સ્થાનિકોનો વ્યવહાર ખૂબ જ મહત્વનો હોય છે. પાંચ – છ વર્ષની ફી એકસાથે પણ નહી ભરવા વિદ્યાર્થીઓને સલાહ આપી હતી. આથી વિદેશમાં ભણવા જતી વખતે ખૂબ જ કાળખી રાખવાની હોય છે.

કુમારી મિત્સુ ચાવડાએ જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ એરફોર્સ અને નેવીમાં મેડીકલ, એન્જીનિયરીંગ વિગેરે ફિલ્ડમાં કારકિર્દી બનાવી શકે છે. જયારે વિદ્યાર્થીનીઓ આર્મીમાં મેડીકલ, એન્જીનિયરીંગ વિગેરે ફિલ્ડમાં કારકિર્દી બનાવી શકે છે. ૨૮ જેટલા દેશો સાથે ફોરેન અસાઇનમેન્ટ ચાલતા હોવાથી એરફોર્સ અને નેવીમાં વિદ્યાર્થીઓને ફોરેનમાં જવાનો મોકો મળે છે. ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓ નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશ મેળવીને આર્મી, નેવી અને એરફોર્સમાં ઓફિસર માટેનો અભ્યાસ કરીને ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી મેળવી સારી કારકિર્દી બનાવી શકે છે.

ચેમ્બરની એકેડેમીક એન્ડ લાયબ્રેરી કમિટીના ચેરમેન શ્રી અજીત શાહ અને કો – ચેરપર્સન સુશ્રી સંધ્યા રાઠોડે પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઇડન્સ મહોત્સવના અગ્યારમા અને અંતિમ દિવસનું સમાપન થયુ હતુ.